સરકાર કર્મચારીઓને તબીબી ભથ્થુ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર.
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:એમએજી-૧૦૮૨-૨૦૯૭ :૮૨: ઘ,
સચિવાલય, ગાંધીનગર તા.૩૧-૩-૮૨..

વંચાણે લીધા :-

૧: આરોગ્ય અને ઉદ્યોગ વિભાગના તા.૮-૧૦-૬૪ના ઠરાવ ક્રમાંક:એમ.એજી ૧૦૫૮-૫૯૪૯-ઓ.
૨: પંચાયત અને આરોગ્ય વિભાગની તા.૫-૧૨-૮૨ના સરકારી ઠરાવ નંબર: એમએજી-૧૦૭૨-૭૫૯૯-છ,
૩: આરોગ્ય અને કુટુંબ નિયોજન વિભાગના તા.૨૯-૭-૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક: એમએજી-૧૦૭૬-૪૫૪૬-ડ..
૪: આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧-૧૨-૮૦ના ઠરાવ ક્રમાંક: એનએજી-૧૦૮૦-૪૮૭૨-ઘ.

પ્રાસ્તાવીક.

રાજય સેવાના કર્મચારીઓના વિવિધ મંડળો તરફથી સરકારી હોસ્પીટલ/ દવાખાના કે સહાયક અનુદાન મેળવતી નગરપાલીકા (પંચાયત) સ્થાનિક સંસ્થા અથવા ટ્રસ્ટ કે સ્થાનીક સંસ્થા ધ્વારા સંચાલીત હોસ્પીટલ (દવાખાનામાં સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહિત લીધેલ તબીબી સારવારની સવલત દરમ્યાન તબીબી અધિકારીએ બહારથી દવાઓ ખરીદવા માટે કરેલ ભલામણ અનુસાર ખરીદવામાં આવેલી માન્ય દવાઓના બીલના નાણાં મજરે મેળવવાની હાલની પ્રથાને બદલે કર્મચારીઓને તબીબી ભથ્થાં પેટે માસીક ઉચ્ચક રકમ મંજુર કરવા સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.આ પ્રશ્ન તપાસી જઇ વિગતવાર અહેવાલ સરકારને રજુ કરવા સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધ્યક્ષપણાં હેઠળ સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિએ સરકારને રજુ કરેલ અહેવાલની ભલામણો સરકારશ્રીની સક્રિય વિચારણાં હેઠળ હતી.

ઠરાવ ::--

આ અંગે કાળજી પુર્વકની વિચારણાને અંતે સરકારશ્રી તા.૧-૪-૮૨ થી અમલમાં આવે રીતે તેના કર્મચારીઓને નીચેની શરતોએ તબીબી ભથ્થુ મંજુર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) તબીબી ભથ્થાની રકમ નાણાં વિભાગ તરફથી નકકી કરી જરુરી હુકમો બહાર પાડવામાં આવશે.

(૨) સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહિત સરકારી કે સરકારી સહાય અનુદાન મેળવતી નગરપાલીકા (પંચાયત) સ્થાનિક સંસ્થા અથવા ટ્રસ્ટ કે સ્થાનીક સંસ્થા ધ્વારા સંચાલીત સંસ્થા હેઠળની હોસ્પીટલ/ દવાખાનામાં લીધેલ તબીબી સારવાર દરમ્યાન તબીબી અધિકારીએ દવાઓ બહારથી

...ખરીદવા કરેલ ભલામણ અનુસાર ખરીદવામાં આવેલ માન્ય દવાઓના બીલના નાણાં સરભર કરી મજરે મેળવવા ગુજરાત રાજ્ય સેવા :તબીબી સારવાર: નિયમ-૧૯૬૪ હેઠળ લાભ મેળવવા ઇચ્છો ધરાવે છે કે તેની અવેજીમાં માસીક તબીબી ભથ્થુ મેળવવા ઇચ્છા ધરાવે છે તે અંગે આ સાથેના પરીશીષ્ટમાં દર્શાવ્યા મુજબનો વિકલ્પ આપવાનો રહેશે. તે તારીખ સુધીમાં જે કર્મચારીઓ 'તબીબી ભથ્થુ' મેળવવાનો વિકલ્પ આપશે નહિં તેમને આ હુકમ અમલમાં આવે તે તારીખથી 'માસીક તબીબી ભથ્થુ ' મેળવવા ઇચ્છા ધરાવતાં નથી તેમ ગણી લેવામાં આવશે.

( ) પતી પત્ની બંને સરકારી સેવામં ફરજ બજાવતાં હોય તેવા કર્મચારીઓએ ઉપર જણાવેલા વિકલ્પો પૈકી સંયુકતપણે કોઇપણ એકજ વિકલ્પ સ્વીકારવાનો રહેશે.

(૪) ગુજરાત રાજ્ય સેવા :તબીબી સારવા : નિયમો-૧૯૬૪ના નિયમ ૧૧: ૧: હેઠળ કરવામાં આવેલ જોગવાઇ અનુસાર આ હુકમો અમલમાં આવે તે સમય પહેલાનાં તબીબી સારવારના તમામ બીલોના નાણાં ઉકત નિયમો હેઠળ નિયત કરવામાં આવેલ સમય મર્યાદામાં સંબંધીત નિયત્રણ અધિકારીને રજુ કરી શકાશે.

(૫) માસિક તબીબી ભથ્થુ મેળવવાં જે કર્મચારીઓએ વિકલ્પ સ્વિકાર્યો હેશ તેમણે તેમના કુટુંબ સહીત સરકારી, આયુર્વેદિક હોમીઓપેથીક કે સહાયક અનુદાન મેળવતી નગરપાલીકા (પંચાયત) સ્થાનીક સંસ્થા અથવા ટ્રસ્ટ કે ચલાવતી સંસ્થા ધ્વારા સંચાલીત સંસ્થા હેઠળની હોસ્પીટલ/ દવાખાના માં અંદરના દર્દી તરીકે લીધેલી તબીબી સારવારની સવલત અંગે એક નાણાંકીય વર્ષમાં થયેલ રૂા.૨૦૦/- સુધીનો ખર્ચ કર્મચારીએ પોતે ભોગવવાનો રેહેશે. આ મર્યાદા ઉપરનો ખર્ચ ગુજરાતરાજ્ય સેવા : તબીબી સારવાર : નિયમો-૧૯૬૪ હેઠળ કરેલ જોગવાઇ અનુસાર સરભર કરવા આવા કર્મચારી હકકદાર રહેશે.

(૬) ગુજરાત રાજ્ય સેવા :તાલીમ સારવાર:નિયમો-૧૯૬૪ન હેતુ માટે ખાસ રીતે માન્ય કરાયેલ હોય કે ન હોય તેમ છતાં નગરપાલીકા (પંચાયત ) સ્થાનીક સંસ્થા અથવા ટ્રસ્ટ કે સખાવતી સંસ્થા ધ્વારા સંચાલીત સંસ્થા હેઠળની હોસ્પીટલ દવાખાનામાં કર્મચારીએ તેના કુટુંબ સહીત તબીબી સારવાર લીધી હોય તેવા કિસ્સામાં તબીબી સારવાર અને દવાઓના ખર્ચ: આવી હોસ્પીટલ વગેરેમાં સ્ટોકમાં રાખવામાં આવતી ન હોય તેવી અને બીન મળવાપાત્ર દવાઓની યાદીમાં નહીં કરેલી નિયત કરેલી દવાઓના ખર્ચ સહીત :મજરે મેળવવા સિવિલ સર્જન કે કોઇ બીજા અધિકૃત ચિકિત્સકની સામી સહી વિના રકમ ભરપાઇ કરવાના હેતુ માટે નિયત કરેલી માસિક રૂા.૫૦/-ની હાલની મર્યાદા વધારીને રૂા.૧૦૦/-કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૭) સરકારી કર્મચારીએ તેના કુટુંબ સહીત ખાનગી અથવા સખાવતી સંસ્થાઓ ધ્વારા સંચાલીત હોસ્પીટલોમાં લીધેલ તબીબી સારવાર અંગે થયેલ ખર્ચને સરકારી

(પાના-૪ ઉપર પરિશિષ્ટ જોઓ)

## પરિશિષ્ટ

સરકારી કર્મચારીનું નામ................

...................................

પ્રતિ,

હોદ્દો...................................

........................

............................

( કચેરીના વડા )

શ્રીમાન,

રાજ્ય સરકારના કર્મચારીઓને " તબીબી ભથ્થુ " આપવા અંગે ની શરતો મેં વાંચી છે અને સમજ્યો / સમજુ છું / મને સમજાવવામાં આવેલ છે. હું " તબીબી ભથ્થું મેળવવાનો સને ૧૯૮૨-૮૩ માટે વિકલ્પ આપુ છું / આપતો / આપતી નથી.

૨. મારા / મારી પતિ/પત્ની સરકારી કર્મચારી છે / નથી અને તેમને /તેઓને જે ઉપર જણાવ્યા મુજબનો વિકલ્પ આપેલ છે.

સ્થળ:-

તારીખ:-

આપનો વિશ્વાસુ,

સરકારી કર્મચારીનું નામ અને હોદ્દો.

(*)-- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ:૧૭-૩-૮૨ની નોંધ અન્વયે મેળવેલ અનુમતિના આધારે બહાર પાડવામાં આવે છે:

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી :- (ભ.ત્રિ.કાંટિયા )

:::: :::: નાયબ સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

પાના નં.૨ ચાલુ. સરકારી કર્મચારીઓને તબીબી ભથ્થુ મંજુર કરવા બાબતે

...હોસ્પીટલ/દવાખાનામાં લેવાતી ફી ના નકકી કરેલ ધોરણની મર્યાદામાં ખર્ચની રકમ મેળવવા પાત્ર રહેશે.

(૮) સરકારી અને સરકાર માન્ય હોસ્પીટલમાં કર્મચારીઓ કુટુંબ સહિત ઓપરેશન-એક્સ-રે કિરણ અને લેબોરેટરી તપાસ જેવી કે લોહીની તપાસ પેશાબની તપાસ ઝાડાની તપાસ વગેરે તપાસ અહેવાલ અને પ્રમાણપત્ર મેળવવા અંગે કરવામાં આવેલ ખર્ચની સરભર કરી મજરે આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૯) ડીન, અધિક્ષક અથવા માન્ય હોસ્પિટલનો હવાલો ધરાવતાં તબીબી અધિકારી અને તબીબી મહાવિદ્યાલયના પ્રાધ્યાપકને આ નિયમો હેઠળ તબીબી સારવાર અને ચિકીત્સાના હેતુ સારુ અધિકૃત ચિકીત્સ તરીકે ગણવા આવા અધિકૃત ચિકીત્સક તે જ હોસ્પીટલમાં એમ.બી.બી.એસ.ની ઉપાધી ધરાવતાં હોય તેવા તબીબી અધિકારીને પ્રમાણપત્ર આપવાની સત્તા સોંપી શકશે.

(૧૦) ઉપર જણાવેલ હુકમોનો લાભ પંચાયત સેવાના કર્મચારીઓ, પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપર મોકલેલી કે બદલી પામેલી વ્યક્તિઓ અને કામ પુરતા: મહેકમ ઉપર સળંગ એક વર્ષની ફરજ બજાવેલ હોય તેવા કર્મચારીઓને અંશતઃ લાગુ પડશે.

ઉપર પ્રમાણે. (*)